

# ‘વિકાસ’ના નામે પહાડોને છંછેડી આપણે કબર તો નથી ખોદી રહ્યા?

વિકલ્પ
★ દીપક આશર

હિલ સ્ટેશન કોને ન ગમે? રજાઓમાં આપણે ફરવા જવાનું નક્કી કરીએ ત્યારે હિલ સ્ટેશનની યાદી પહેલા બને. એમાંય હિલ સ્ટેશન પર રહેવા માટે સારી સુવિધા ધરાવતી હોટેલ વગર ના ચાલે. સાથે મનોરંજનની બીજી એક્ટિવિટિસ પણ જોઈએ. મતલબ કે, હિલ સ્ટેશન પર બધી સુવિધા જોઈશે અને તેના માગે એટલા પૈસા ચૂકવવા પણ આપણે તૈયાર છીએ. બસ, અહીંથી શરૂ થાય છે કુદરત સાથેનો ધંધાનો ખેલ! ફાઈવસ્ટાર હોટેલો, રિસોર્ટના નામે પહાડોની ઘોર ખોદી નાખવામાં આવે છે અને પછી ગ્લોબલ વૉર્મિંગને જવાબદાર ઠેરવી દઈએ છીએ. માન્યું કુદરતી આફતો પાછળ ગ્લોબલ વૉર્મિંગ એટલે કે, વાતાવરણીય ફેરફારો જવાબદાર છે પણ એ આવ્યું ક્યાંથી?

ઉત્તર ભારતના પર્વતો અને હિમાલયની પહાડીઓમાં છેલ્લા કેટલાક સમયથી હવામાનનો મિજાજ જે રીતે બદલાયો છે, તેણે પર્યાવરણશાસ્ત્રીઓ અને પહાડી લોકોના જીવ અદ્ધર કરી દીધા છે. નેપાળમાં તાજેતરમાં આવેલા વિનાશક પૂર, ભૂસ્ખલન અને ઉત્તરાખંડના ચમોલી જેવી દુર્ઘટનાઓ હવે કોઈ આકસ્મિક ‘કુદરતી હોનારત’ નથી રહી, પરંતુ માનવીય ભૂલો અને વાતાવરણીય ફેરફારોનું ભેગું થયેલું એક ભયાનક પરિણામ છે. પહાડોની છાતી ચીરીને થઈ રહેલું આડેધડ બાંધકામ, નદીઓના વહેણ રોકીને ઊભા કરાતા સિમેન્ટના જંગલો અને ગ્લોબલ વોર્મિંગને કારણે પીગળતા ગ્લેશિયર, આ બધું મળીને પહાડી વિસ્તારોને વિનાશના આરે લાવીને ઊભા રાખી દીધા છે.

નેપાળમાં અચાનક આવેલું પૂર અને ઠેર-ઠેર થયેલા ભૂસ્ખલન પાછળ હવામાનમાં આવેલું તીવ્ર પરિવર્તન જવાબદાર છે. ચોમાસાની સીઝનના અંત ભાગમાં અચાનક ખૂબ જ ટૂંકા સમયમાં અનરાધાર વરસાદ વરસવો, જેને સામાન્ય ભાષામાં ‘ક્લાઉડબર્સ્ટ’(વાદળફાટ) કહેવાય છે, તેની ઘટનાઓ વધી ગઈ છે.

હવામાન શાસ્ત્રીઓના મતે, હિન્દ મહાસાગર અને બંગાળની ખાડીમાં ગરમી વધવાને કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ અસાધારણ રીતે વધી જાય છે. આ ભેજવાળા પવનો જ્યારે હિમાલયની ઊંચી ટેકરીઓ સાથે અથડાય છે, ત્યારે એક જ જગ્યાએ ટૂંકા સમયમાં રેકોર્ડબ્રેક વરસાદ પડી જાય છે. પહાડોની ઢાળવાળી જમીન આટલું બધું પાણી એકસાથે શોષી શકતી નથી, જેના પરિણામે માટી અને પથ્થરો ધસી પડે છે અને નીચે રહેલા ગામડાઓ કે શહેરોમાં ક્ષણવારમાં જળબંબાકાર થઈ જાય છે.

ઉત્તરાખંડના ચમોલીમાં ભૂતકાળમાં થયેલી દુર્ઘટના અને હાલના જોખમો પાછળ મુખ્યત્વે ગ્લેશિયર તળાવ ફાટવાની ઘટનાઓ જવાબદાર છે. પહેલા સમજીએ કે, કેવી રીતે સર્જાય છે આ જોખમ? ગ્લોબલ વોર્મિંગના કારણે પહાડો પરના બરફના પહાડો (ગ્લેશિયર) ઝડપથી ઓગળી રહ્યા છે. આ ઓગળેલા બરફનું પાણી પહાડોની વચ્ચે કુદરતી રીતે સરોવર સ્વરૂપે એકઠું થાય છે. આ સરોવરોની દીવાલો માત્ર બરફ, પથ્થર અને માટીની બનેલી હોય છે. જ્યારે બરફનો મોટો ટુકડો આ સરોવરમાં પડે છે અથવા અચાનક વધારે પાણી ભરાય છે, ત્યારે આ કુદરતી પાળ તૂટી જાય છે.

જ્યારે આ ગ્લેશિયર લેક ફાટે છે, ત્યારે કરોડો લીટર પાણી, કાદવ અને વિશાળ પથ્થરો સાથે નીચેની ઘાટીઓમાં ધસી આવે છે. નીચે વહેતી નદીઓમાં ક્ષણવારમાં રાક્ષસી પૂર આવે છે, જે રસ્તામાં આવતા ડેમ, પુલ અને ગામડાઓને તણાવી જાય છે. માત્ર કુદરત કે હવામાનને દોષ આપવો એ આપણી જવાબદારીમાંથી ભાગવા જેવું છે. નેપાળથી લઈને ઉત્તરાખંડ અને હિમાચલ સુધી પહાડોમાં જે સ્થિતિ સર્જાઈ છે, તેમાં માનવીય દખલગીરીનો મોટો હાથ છે.

હાઈવે પહોળા કરવા, ટનલ બનાવવી અને હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ (જળવિદ્યુત મથકો) ઊભા કરવા માટે પહાડોમાં ભારે બ્લાસ્ટિંગ કરવામાં આવે છે. આનાથી પહાડોના આંતરિક માળખામાં તિરાડો પડી જાય છે અને આખી ટેકરીઓ નબળી પડી જાય છે. નદીના પટમાં જ હોટેલો, ઘરો અને રસ્તાઓ બનાવી દેવાયા છે. જ્યારે નદીમાં પૂર આવે છે, ત્યારે તે પોતાનો કુદરતી રસ્તો પાછો મેળવે છે અને કિનારે થયેલા તમામ બાંધકામોને રોળી નાખે છે. રોડ અને ટાઉનશિપ બનાવવા માટે લાખો વૃક્ષો કાપી નાખવામાં આવ્યા છે. વૃક્ષોના મૂળ પહાડી માટીને જકડી રાખવાનું કામ કરે છે. વૃક્ષો જ ન રહેતાં સામાન્ય વરસાદમાં પણ આખી માટી સરકી પડે છે.



આ ઘટનાઓ માત્ર ભૌગોલિક હોનારત નથી, પરંતુ તેની માઠી અસરો સમગ્ર તંત્ર પર પડી રહી છે. પહાડી ગામડાઓમાંથી લોકોએ પોતાનું વતન છોડીને ભાગવું પડે છે. ‘ક્લાઈમેટ શરણાર્થીઓ’ની સંખ્યા વધી રહી છે. અબજો રૂપિયાના ખર્ચે બનેલા હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્લાન્ટ્સ અને ડેમ કાદવ-કાંકરા ભરાઈ જવાથી નાશ પામે છે, જેનાથી દેશને મોટો આર્થિક ફટકો પડે છે. પહાડી વિસ્તારોની દુર્લભ વનસ્પતિઓ અને પ્રાણીઓની પ્રજાતિઓ આ ભૂસ્ખલન અને પૂરમાં વિલુપ્ત થઈ રહી છે.

નેપાળ અને ચમોલીની ઘટનાઓ સમગ્ર હિમાલયન ઝોન માટે આખરી ચેતવણી સમાન છે. જો આપણે હજુ પણ નહીં ચેતીએ તો ભવિષ્યમાં આનાથી પણ વધુ ભયાનક દુર્ઘટનાઓ જોવા મળશે. આ પરિસ્થિતિને નાથવા માટે પહાડો અને ગ્લેશિયર લેક્સ પર સેન્સર અને સેટેલાઈટ સિસ્ટમ મૂકવી જોઈએ, જેથી પાણીનું સ્તર વધતાં જ નીચેના વિસ્તારોને સમયસર ખાલી કરાવી શકાય. ઉપરાંત, હિમાલય જેવા સંવેદનશીલ પહાડોમાં મોટા પ્રોજેક્ટ્સ મૂકતા પહેલાં કડક ‘એન્વાયર્નમેન્ટલ ઈમ્પેક્ટ અસેસમેન્ટ’થવું જોઈએ અને બ્લાસ્ટિંગ પર રોક લગાવવી જોઈએ. સાથે સાથે પહાડી વિસ્તારોમાં સિમેન્ટ-કોંક્રિટના આડેધડ બાંધકામની જગ્યાએ પહાડી પરંપરાગત અને પર્યાવરણને અનુકૂળ સ્થાપત્યને પ્રોત્સાહન આપવું જોઈએ.

**વાસ્તવમાં હિમાલય એ આખા દક્ષિણ એશિયાનું પર્યાવરણીય કવચ છે, પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓથી ગ્લોબલ વોર્મિંગ અને ‘વિકાસ’ના નામે જે આંધળી દોડ શરૂ થઈ છે, તેણે આ કવચમાં મોટું ગાબડું પાડ્યું છે**

આજના આધુનિક યુગમાં આપણે જ્યારે હિમાલયની વાત કરીએ છીએ, ત્યારે તેને માત્ર એક સુંદર પર્યટન સ્થળ કે ધાર્મિક યાત્રાધામ તરીકે જોઈને મોટી ભૂલ કરી રહ્યા છીએ. વાસ્તવમાં હિમાલય એ આખા દક્ષિણ એશિયાનું પર્યાવરણીય કવચ છે, પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓથી ગ્લોબલ વોર્મિંગ અને ‘વિકાસ’ના નામે જે આંધળી દોડ શરૂ થઈ છે, તેણે આ કવચમાં મોટું ગાબડું પાડ્યું છે.

પહાડી વિસ્તારોમાં ટૂરિઝમને પ્રોત્સાહન આપવાના નામે જે રીતે મલ્ટી-સ્ટોરી હોટેલો, કેસિનો, હાઈવે અને ટનલોનું નિર્માણ થઈ રહ્યું છે, તે પહાડોની વહન ક્ષમતા કરતાં ઘણું વધારે છે. જ્યારે કોઈ પહાડ તેની ક્ષમતા કરતાં વધુ ભાર સહન કરે છે, ત્યારે પરિણામ નેપાળના ભૂસ્ખલન કે ચમોલી જેવા જળપ્રલયના રૂપમાં સામે આવે છે. કુદરતનો એક નિયમ બહુ સ્પષ્ટ છે. તમે જો નદીના પ્રવાહને ક્રોંકીટના ભીંતડા ચણીને રોકવાનો પ્રયાસ કરશો, તો નદી પોતાનો રસ્તો જાતે જ કરી લેશે અને એ રસ્તો વિનાશક જ હશે. ઉપરાંત, નેપાળ અને ઉત્તરાખંડની આ હોનારતો પાછળનું એક મુખ્ય કારણ સ્થાનિક પહાડી લોકોના પરંપરાગત જ્ઞાનની કરવામાં આવતી ઉપેક્ષા પણ છે. વર્ષો પહેલાં પહાડી લોકો ક્યારેય નદીના પટની નજીક કે કાચા પહાડોની ઢાળ પર ઘરો નહોતા બનાવતા. તેઓ જાણતા હતા કે કયો પહાડ કાચો છે અને કઈ નદી ચોમાસામાં ક્યાં સુધી પોતાના હાથ-પગ ફેલાવી શકે છે.

પરંતુ આધુનિક એન્જિનિયરિંગ અને રાજકીય દબાણ હેઠળ સ્થાનિક ભૂગોળ અને કુદરતી રચનાને ધ્યાનમાં લીધા વગર જ મોટા ડેમ અને ટનલો મંજૂર કરી દેવાય છે. પરિણામે, જ્યારે પણ કુદરત તેનો મિજાજ બદલે છે, ત્યારે સૌથી મોટો ભોગ સ્થાનિક ગરીબ અને નિર્દોષ પહાડી પ્રજાએ બનવું પડે છે. તેમની પેઢીઓની પેઢીઓ સેકન્ડોમાં બેઘર થઈ જાય છે.

સમય હવે હાથમાંથી સરી રહ્યો છે. જો આપણે હિમાલયી ક્ષેત્રને સંપૂર્ણ વિનાશમાંથી બચાવવો હોય, તો માત્ર સહાનુભૂતિ કે રાહત ફંડ જાહેર કરવાથી કામ નહીં ચાલે. ભારતીય ઉપખંડના દેશોએ ભેગા મળીને એક કડક અને વૈજ્ઞાનિક ‘હિમાલયન પોલિસી’ ઘડવી પડશે. નેપાળ, ભારત અને ભૂટાન જેવા દેશોએ ગ્લેશિયરના ડેટા અને હવામાનની માહિતી રીઅલ-ટાઈમમાં શેર કરવા માટે એક સંયુક્ત ટાસ્ક ફોર્સ બનાવવી પડશે. પહાડી શહેરોમાં એક સમયે કેટલા પ્રવાસીઓ અને વાહનો પ્રવેશ કરી શકે તેની એક કડક મર્યાદા નક્કી કરવી પડશે. ઉપરાંત, હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ માટે પહાડોને ડ્રિલિંગ કે બ્લાસ્ટિંગ કરવાને બદલે ‘રન-ઓફ-ધ-રિવર’ જેવી ઓછી નુકસાનકારક ટેકનોલોજી અપનાવવી પડશે.

નેપાળનું પૂર અને ચમોલીની હોનારત એ માત્ર સમાચારના હેડલાઈન્સ નથી, પણ એ પ્રકૃતિ દ્વારા માનવજાતને અપાયેલી આખરી રેડ સિગ્નલ છે. જો આપણે હજુ પણ “વિકાસ” ના નામે પહાડોનું શોષણ ચાલુ રાખીશું, તો એ દિવસ દૂર નથી જ્યારે આખું પહાડી અર્થતંત્ર અને નાગરિક જીવન કાદવ અને મલબા નીચે દબાઈ જશે. સમય આવી ગયો છે કે આપણે પહાડો સાથે સ્પર્ધા કરવાનું છોડીને તેમની સાથે સહ-અસ્તિત્વ સાધતા શીખીએ. કારણ કે પ્રકૃતિ વગર માનવીનું અસ્તિત્વ શક્ય છે, પણ માનવીની ભૂલો સહન કરવા કુદરત ક્યારેય બંધાયેલી નથી!